પ્રશ્ન - ૧ : (ક) નીચેના વાક્ય જે ગાથામાંથી લેવાયા હોય તે ગાથા લખો (અર્થ નહીં) (કોઈ પણ પાંચ)

(૧) ઇન્દ્રિયનું દમન કરવાવાળા પાપકર્મનો બંધ કરતા નથી.

**જવાબ-૧(ક)**

(૧) સવ્વભૂયપ્પભૂપસ્સ, સમ્મં ભૂયાઇં પાસઓ
પિહિયાસવ્વસ્સ દંતસ્સ, પાવં કમ્મં ન બંધઈ

(૨) ઘણા જીવો ધર્મમાર્ગથી ભ્રષ્ટ થઈ જાય છે.

જ : (૨) આહચ્ચ સવણં લદ્ધું સદ્ધા પરમ દુલ્લહા
સોચ્ચા નેઆ ઉયં મગ્ગં, બહવે પરિભસ્સઈ

(૩) સમભાવપૂર્વક સહન કરનાર સાધુને સુગતિ સુલભ છે.

જ : (૩) તવોગુણાપહાણસ્સ, ઉજ્જુમઈ ખંતિસંજમરયસ્સ
પરીસહે જિણંતસ્સ, સુલહા સુગઈ તારિસગસ્સ

(૪) વૈમાનિક દેવોમાં સેંકડો પૂર્વ વર્ષો સુધી રહે છે.

જ : (૪) અપ્પિયા દેવ કામાણં કામરૂવ વિઉવ્વિણો
ઉડ્ઢં કપ્પેસુ ચિટ્ઠંતિ, પુવ્વા વાસસયા બહૂ

(૫) જે વ્યક્તિ અયત્નાથી ઊભી રહે તેના કડવાં ફળ ભોગવવા પડે છે.

જ : (૫) અજયં ચિટ્ઠમાણો ય, પાણ ભૂયાઇં હિંસઈ
બંધઈ પાવયં કમ્મં, તં સે હોઈ કડુંય ફલં

(૬) સંસાર પરિભ્રમણમાંથી હું ક્યારે છૂટીશ ?

જ : (૬) એવમાવટ્ટ જોણીસુ, પાણિણો કમ્મ કિવ્વિસા
ન નિવ્વિજ્જંતિ સંસારે સવ્વટ્ઠેસુ વ ખતિયા

(ખ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો : (કોઈ પણ સાત)

(૧) તત્થ ઠિચ્ચા..... (૨) અજયં ચિટ્ઠમાણો..... (૩) જયા નિવ્વિંદયે.....
(૪) વિસાલિ સેહિં..... (૫) કમ્મ-સંગેહિં ..... (૬) અજયં ભુજમાણો.....
(૭) જો જીવે વિ ન..... (૮) ખેતં વત્થં.....

જ : (૧) **તત્થ ઠિચ્ચા...... જુઓ પાઠાવલી નં. ૪ :**
ભાવાર્થ : તે દેવ, ત્યાં દેવલોકમાં પોતપોતાના સ્થાને રહીને આયુષ્યનો ક્ષય થવાથી ત્યાંથી ચ્યવીને મનુષ્ય યોનિને પ્રાપ્ત કરે છે, ત્યાં તેને દસ અંગોની પ્રાપ્તિ થાય છે.

(૨) **અજયં ચિટ્ઠમાણો ... જુઓ પાઠાવલી નં. ૪**
ભાવાર્થ : જે વ્યક્તિ ઈર્યા સમિતિ વિના, ઉપયોગ વિના ચાલે છે તે સર્વ ત્રસ-સ્થાવર પ્રાણીની હિંસા કરે છે. તેને પાપકર્મનો બંધ થાય છે. તેના પરિણામે કડવા દુઃખદાયી ફળ ભોગવલા પડે છે.

(૩) **જયા નિવ્વિંદયે ... જુઓ પાઠાવલી નં. ૪**
ભાવાર્થ : જ્યારે આત્મા દેવોના તેમજ મનુષ્ય સંબંધી કામભોગોને નિઃસાર દુઃખરૂપ માની તેનાથી વિરક્ત બને છે ત્યારે બાહ્ય તથા આભ્યંતર સંયોગોનો ત્યાગ કરે છે.

(૪) વિસાલિ સેહિં ... **જુઓ પાઠાવલી નં. ૪**
ભાવાર્થ : અનેક પ્રકારના ઉત્તમ જીવ અનુષ્ઠાનોને આરાધવાથી જીવાત્મા અહીંનું આયુષ્ય પૂરું કરીને એકએકથી અધિક શક્તિવાન વૈમાનિક દેવ પર્યાયને પ્રાપ્ત કરે છે. મહાતેજસ્વી ઉજ્જવળ સૂર્ય જેવા દેદીપ્યમાન દેવલોકમાંથી 'અમે ક્યારેય ચ્યવશું નહીં' એમ માને છે.

(૫) ન કમ્મ-સંગેહં ... **જુઓ પાઠાવલી નં. ૪**
ભાવાર્થ : કર્મના સંયોગે કરી મૂઢ બનેલો દુઃખી જીવ, મનુષ્ય યોનિ સિવાય અન્ય નરક તિર્યંચ આદિ યોનિઓમાં અતિશય દારૂણ વેદના અને અનેક પ્રકારના દુઃખને ભોગવે છે.

(૬) અજયં ભુંમ્માણો ય ... **જુઓ પાઠાવલી નં. ૪**
ભાવાર્થ : જે વ્યક્તિ અત્નાથી પૂંજ્યા વિના આહારપાણી આદિ વાપરે તે સર્વ ત્રસ-સ્થાવર પ્રાણીની હિંસા કરવાવાળા થાય છે તેથી તેમને પાપકર્મનો બંધ થાય છે તેના પરિણામે કડવા, દુઃખદાયી ફળ ભોગવવાં પડે છે.

(૭) જો જીવે વિ ન યાણેઈ, ... **જુઓ પાઠાવલી નં. ૪**
ભાવાર્થ : જે જીવને પણ નથી જાણતો, જે અજીવને પણ નથી જાણતો તે જીવ-અજીવ બંનેને નથી જાણતો. આ પ્રકારે જીવ-અજીવના સ્વરૂપને ન જાણવાવાળો સંયમને કેવી રીતે જાણશે ? અર્થાત્ નહીં જાણી શકે.

(૮) ખેતં વત્થં ... **જુઓ પાઠાવલી નં. ૪**
ભાવાર્થ : દશ અંગમાંથી પ્રથમ અંગ કહે છે - ૧) ખેતર આદિ ઉઘાડી જમીન ૨) ઘર આદિ ઢાંકી જમીન ૩) સુવર્ણ આદિ ધનસંચય અને ૪) પશુ, દાસ-દાસી આદિ ચાર પ્રકારની કામભોગની સામગ્રી જ્યાં પ્રાપ્ત હોય છે ત્યાં એ પુણ્યવંત જીવ ઉત્પન્ન થાય છે.

(ગ) **અર્થ લખો (કોઈ પણ આઠ)**
(૧) સેલેષિં (૨) જિણો (૩) ભૂયાઈં (૪) બુજ્ઝિયા (૫) ચયા (૬) વિઉવ્વિણો
(૭) સંચિણું (૮) બહવે (૯) બુક્કસો (૧૦) સૂઈ

જવાબ:(ગ) (૧) સેલેષિં = શૈલેષી અવસ્થા (૨) જિણો = જિનેશ્વર (૩) ભૂયાઈં = ભૂત આદિ (૪) બુજ્ઝિયા = પામે છે (૫) ચયા = ચ્યવીને (૬) વિઉવ્વિણો = વિકૃર્વીને (૭) સંચિણું = સંચય કરે (૮) બહવે = ઘણા (૯) બુક્કસો = વર્ણશંકર (૧૦) સૂઈ = શ્રવણ.
ભાવાર્થ :

(ઘ) **માગધી લખો (કોઈ પણ પાંચ)**
(૧) પતંગિયું (૨) ક્ષમા (૩) કર્મ રજને (૪) થાય છે (૫) એક એકથી ચડિયાતા
(૬) બોલે (૭) આભ્યંતર

જવાબ(ઘ) માગધી : પતંગિયું : પયંગો (૨) ક્ષમા : ખંતિ (૩) કર્મ રજને : રયં (૪) થાય છે : હોઈ (૫) એક એકથી ચડિયાતા : ઉત્તર ઉત્તરા (૬) બોલે : ભાસંતો (૭) આભ્યંતર : સાંભળતા : સબ્ભિંતર

---

**પ્રશ્ન - ૨ : ૯૮ બોલના અલ્પબહુત્વને આધારે જવાબ લખો :**

(ક) **ફક્ત અલ્પબહુત્વ લખો**
(૧) બાદર તેઉકાયના પર્યાપ્તા, સક્ષ્મ તેઉકાયના અપર્યાપ્તા,
બાદર તેઉકાયના અપર્યાપ્તા, સૂક્ષ્મ તેઉકાયના પર્યાપ્તા.

જ : (૧) બા. તેઉના પર્યાપ્તા, બા. તેઉ.ના અપર્યાપ્તા, સૂ. તેઉના અર્પા. સૂ. તેઉના પર્યા.

(૨) ખેચર નપુંસક (ગર્ભજ) તિ. યોની, ખેચર પુરૂષતિ. યોની, ખેચર સ્ત્રી તિ. યોની.

જ : (૨) ખેચર પુરુષ તિ. યોની, ખેચર સ્ત્રી તિ. યોની, ખેચર નપુ. ગર્ભજ તિ. યોની.

(૩) તેઇન્દ્રિય પર્યાપ્તા, બેઈન્દ્રિય પર્યાપ્તા, પંચેન્દ્રિય પર્યાપ્તા, ચૌરેન્દ્રિય પર્યાપ્તા.

જ : (૩) ચૌ. પર્યાપ્તા, પંચે પર્યા., બે. પર્યા. તેઈ. પર્યાતા.

(૪) સયોગી જીવ, છદમસ્થ જીવ, અકષાયી જીવ, અવિરતિ જીવ.

જ : (૪) અવિરતિ જીવ, સકષાયી જીવ, છદ્મસ્થ જીવ, સયોગી જીવ.

(ખ) નીચેના બોલમાં જીવના ભેદ, ગુણસ્થાનક, યોગ, ઉપયોગ, લેશ્યા,માત્ર સંખ્યામાં કોઠો બનાવી લખો.

| ખ | | જીવના ભેદ | ગુણ | યોગ | ઉપયોગ | લેશ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧. | પંકપ્રભાના નારકી | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૨. | સુભદેના દેવ | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૩. | બોલતો કાગડો | ૧ | ૫ | ૧૩ | ૯ | ૬ |
| ૪. | દેવ કુરુ ક્ષેત્રનો મનુષ્ય | ૨ | ૧/૪ | ૧૧ | ૬ | ૪ |
| ૫. | મહાવીર સ્વામી | - | - | - | ૨ | - |
| ૬. | સિમંધર સ્વામી | ૧ | ૧૩ | ૫ | ૨ | ૧ |
| ૭. | અભવી | ૧૪ | ૧ | ૧૩ | ૬ | ૬ |
| ૮. | સમૂર્ચ્છિમ મનુષ્ય | ૧ | ૧ | ૩ | ૪ | ૩ |
| ૯. | વાણવ્યંતર દેવ | ૩ | ૪ | ૧૧ | ૯ | ૪ |
| ૧૦. | અવિરતિ જીવ | ૧૪ | ૪ | ૧૩ | ૯ | ૬ |

(ગ) નીચેના બોલની સમજણ લખો (કોઈ પણ ચાર)

(૧) બાદર તેઉકાયના પર્યાપ્તા (૨) બાદર પૃથ્વી પર્યાપ્તા (શરીર)

(૩) સુધર્મ દેવની દેવી (૪) એકેન્દ્રિય જીવ (૫) બાદર જીવ પર્યાપ્તા

જ : (૧) બા. તેઉ.ના પર્યાપ્તા - માત્ર મનુષ્ય ક્ષેત્રમાં જ છે અને તેનું આયુષ્ય ઓછું છે માટે અસંખ્યા ગણ.

જ : (૨) બાદર પૃથ્વી પર્યાપ્તા - પૃથ્વી ઘણી વિશાળ હોવાથી તથા વન.નો આધાર પૃથ્વી હોવાથી.

જ : (૩) સુધર્મ દેવની દેવી-દેવ કરતાં દેવી ૩૨ ગુણી અને ૩૨ વધારે હોવાથી.

જ : (૪) બા. જીવ પર્યાપ્તા - બા. વન.માં પૃથ્વી + તેઉ + વાઉ + ત્રસ પર્યાપ્તા ઉમેરતા.

જ : (૫) એકે. જીવ - સૂક્ષ્મ + બા. ૫ + અપ + તેઉ + વનસ્પ. સ્થાવર ઉમેરતા.

(ઘ) માત્ર સંખ્યા લખો :

(૧) અપકાય અપર્યાપ્તામાં લેશ્યા **જવાબ : ૪**

(૨) અપર્યાપ્ત કીડીમાં ઉપયોગ **જવાબ : ૬**

(૩) બાદર જીવઅપર્યાપ્તામાં જીવના ભેદ **જવાબ : ૬**

(૪) છદ્‌મસ્થનાં ગુણસ્થાન **જવાબ : ૧૨**

(૫) પંચેન્દ્રિય અપર્યાપ્તામાં જીવના ભેદ **જવાબ : ૨**

(૬) ક્ષાયક સમકિત ગાયમાં યોગ **જવાબ : ૧૩**

(૭) વિજય વિમાનના દેવમાં ઉપયોગ **જવાબ : ૬**

(૮) નાગકુમારની દેવીની લેશ્યા **જવાબ : ૪**

પ્રશ્ન - ૩ : સામાયિક પ્રતિક્રમણ

(૧) ભોજન સંબંધી અતિચાર કેટલા ? કયા કયા ? મૂળ પાઠ તથા અર્થ લખો. (૨)

**જવાબ : (૧) સચિત્તાહારે - મર્યાદા ઉપરાત સચેત વસ્તુનો ઉપયોગ થયો હોય.**
**સચિત પડિબદ્ધાહારે - અચેતને લાગેલ અચેત વસ્તુનો ઉપયોગ થયો હોય.**
**અપ્પાલિઓ સહિભક્ખણયા - થોડી કાચી - પાકી વસ્તુનો ઉપયોગ થયો હોય.**
**દુપ્યોલિઓ સહિ ભક્ખણયા - દુપ્પક્વ એટલે માઠી રીતે પક્વેલી વસ્તુનો ઉપયોગ થયો હોય. તુચ્છોસહિ ભક્ખણયા-તુચ્છ આહારનો ઉપયોગ કર્યો હોય.**
**(શેરડી, સીતાફળ)**

(૨) <u>નીચેમાં જીવો કેટલા છે ? ક્યાં રહે છે ?</u>

(૧) અઢીદ્વીપ બહારના શ્રાવક

**જ : (૧) અઢી દ્વીપ બહારના શ્રાવક અઢી દ્વીપ બહારના દ્વીપ + સમુદ્રમાં- અસંખ્યા**

(૨) વિહરમાન તીર્થંકર

**જ : (૨) વિહરમાન તીર્થંકર - પાંચ મહાવિદેહમાં - ૨૦**

(૩) સિદ્ધ ભગવાન

**જ : (૩) સિદ્ધ - અનંત -**

(૪) સાધુ - સાધ્વી

**જ : (૪) ૨ હજાર ક્રોડ, ઉ. ૯ હજાર ક્રોડ.**

(૩) <u>નીચેના શબ્દો કયા પાઠના છે ? શુદ્ધ છે કે અશુદ્ધ ?</u>
<u>અશુદ્ધ શબ્દો સુધારીને લખો (કોઈ પણ ચાર)</u>

૧) વીગય ૨) વાઈયં ૩) વિહરીસ્સામિ ૪) વિલેવણ વીહીં ૫) વીહસ્સ ૬) વયાસી

**જ : (૩) (૧) વીગય = ખોટું છે - ૧૪ પ્રકારના સમૂર્ચ્છિમના પાઠમાં - વિગય**
**(૨) વાઈયં = ખરું છે - સંથારના પાઠમાં**
**(૩) વિહરીસ્સામિ = ખોટું છે - બારમા વ્રતમાં - વિહારિસ્સામિ**
**(૪) વિલેવણ વિહિં = સાચું છે - સાતમા વ્રતમાં**
**(૫) વીહસ્સ = ખોટું છે - વિહસ્સ - પ્રતિ. ૨જો પાઠ**
**(૬) વયાસી = સાચું છે. - સંથારામાં**

(૪) <u>નીચેની સંખ્યા કોને માટે છે તે લખો :</u>

| | | |
|---|---|---|
| ૧) ૧૪ લાખ | **જવાબ :** | **મનુષ્યની જાતિ** |
| ૨) ૭૫ | **જવાબ :** | **ચારિત્રના અતિચાર** |
| ૩) ૩૧૮ | **જવાબ :** | **૯ ગ્રૈ.ના વિમાન** |
| ૪) ૯૦૦ | **જવાબ :** | **૯૦૦ પો. સુધી જ્યો.ના વિમાન** |
| ૫) ૧૨૪ | **જવાબ :** | **પ્રતિ ૧૨૪ શેષ ટાળીને કરાય** |
| ૬) ૨૯ | **જવાબ :** | **પાપસૂત્ર** |
| ૭) ૨૩ | **જવાબ :** | **સૂયગડાંગ સૂત્રના ૨૩ અધ્ય.** |
| ૮) ૬,૦૦,૦૦૦ | **જવાબ :** | **વિક.ની જીવા યોની.** |

પ્રશ્ન - ૪ : ભક્તામરની ગાથા પૂરી કરી ભાવાર્થ લખો.

(૧) યઃ સંસ્તુતઃ............ જિનેદ્રમ **જુઓ પાઠાવલી નં. ૪ :**

(૨) નાત્યદ્‌ભુતં ............ કરોતિ **જુઓ પાઠાવલી નં. ૪ :**

(૩) કો .................... પીક્ષિતોડસિ, **જુઓ પાઠાવલી નં. ૪ :**

અથવા

(૧) વાર્તાના આધારે પ્રશ્નોના એક બે વાક્યમાં જવાબ લખો

(૧) રૂદ્રદેવ પુરોહિતની પત્નીનું નામ શું હતું ? તે કયા રાજાની પુત્રી હતી ?

જ : (૧) ભદ્રા, તે કૌશાલિક રાજાની પુત્રી હતી.

(૨) યક્ષ હરિકેશી મુનિના શરીરમાં શા માટે પ્રવેશ્યો ?

જ : ભદ્રા યક્ષની પૂજા કરવા આવી હતી ત્યારે ગંદા, કુરૂપવાન મુનિ તરફ મોઢું બગાડી થૂંકી તેથી યક્ષે ક્રોધિત થઈ તેના શરીરમાં પ્રવેશ કર્યો.

(૩) યક્ષ કયા ઉદ્યાનમાં રહેતો હતો ? તે ઉદ્યાન કયા નગરમાં આવેલું છે ?

જ : (૩) યક્ષ વારાણસી નગરીના તિંદુકવનમાં રહેતો હતો.

(૪) હરિકેશી મુનિ કેવા દેખાતા હતા ?

જ : (૪) હરિકેશી મુનિ કૂબડા, કુરૂપ અને બેડોળ દેખાતા હતા.

(૫) હરિકેશી મુનિએ લગ્નની ના પાડી ત્યારે રાજાને શું કહ્યું ?

જ : (૫) હરિકેશી મુનિએ રાજાને કહ્યું, મારું કોઈ અપમાન થયું નથી. હું તો પરિગ્રહથી રહિત, પાંચ મહાવ્રતધારી જૈન સંત છું. અમારે મન સમસ્ત સ્ત્રી માતા, બહેન, પુત્રી સમાન છે. સ્ત્રી સાથે લગ્ન તો દૂર રહ્યા, જ્યાં સ્ત્રી હોય ત્યાં રાત્રે નિવાસ કરવો પણ કલ્પે નહિ.

(૬) આ કથાનક દ્વારા શું બોધ મળે છે ?

જ : (૬) કદી પણ રૂપનો મદ ન કરવો. કષાય જીવનું અધઃપતન કરે છે. કોઈ પણ આત્મા સાધુનું અપમાન કરે, નિંદા કરે તો ગુસ્સે ન થતાં, સત્ય ધર્મ સમજાવવાનો પ્રયત્ન અવશ્ય કરવો જોઈએ.

(૨) નીચેના વાક્ય કોણ કોને કહે છે ?

(૧) મારા મનમાં પહેલા કે આ સમયે કોઈ પણ પ્રત્યે દ્વેષ ન હતો, છે નહીં અને ભવિષ્યમાં થશે નહિ.

જ : (૨) (૧) હરિકેહી મુનિ રાજાને કહે છે.

(૨) અરે અદર્શનીય ! તું કોણ છે કે, અહીં તું કઈ આશાએ આવ્યો છે ?

જ : (૨) યક્ષ બ્રાહ્મણોને કહે છે.

(૩) ઊંચનીચ, મધ્યમ ઘરોમાં ભિક્ષા માટે જાય છે તે જ વાસ્તવમાં ઉત્તમ છે, તે જ દાનને પાત્ર છે.

જ : (૩) હરિકેશી મુનિ રાજાને કહે છે.

(૪) આપની પુત્રી સાથે મારે કોઈ સંબંધ નથી.

જ : (૪) હરિકેશી મુનિ રાજાને કહે છે.

(૫) આ મહર્ષિ ઘોર તપસ્વી છે અને ઘોર પરાક્રમી છે.

જ : (૫) ભદ્રા બ્રાહ્મણને કહે છે.

(૩) જોડકાં જોડો : (૩)

| | | |
|---|---|---|
| (૧) તપરૂપ | (૧) અગ્નિકુંડ | **જવાબ : અગ્નિ** |
| (૨) જીવ | (૨) શાંતિતીર્થ | **જવાબ : અગ્નિકુંડ** |
| (૩) કર્મ | (૩) અગ્નિ | **જવાબ : ઇંધણ** |
| (૪) બ્રહ્મચર્ય | (૪) કડછી | **જવાબ : અગ્નિ** |
| (૫) યોગની શુભક્રિયા | (૫) ઇંધણ | **જવાબ : શાંતિતીર્થ** |
| (૬) શરીરના અવયવ | (૬) છાણા | **જવાબ : છાણા** |

જય જિનેન્દ્ર ॥